ગાંધીનગર સમાચાર

# શિવરંજની દ્વારા બે દિવસીય કાર્યક્રમ 'સ્વરોત્સવ' નામે યોજાયો



## ગુજરાતી ગીતો અને ડાયરાની મોજ સભ્યોએ માણી

૧૯૭૨થી શરૂ થયેલી સંસ્થા શિવરંજની દ્વારા શુક્રવારથી બે દિવસીય સ્વરોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત પ્રથમ દિવસે ઉત્તમ કલાકારો દ્વારા ગુજરાતી ગીતોનો જલસો 'સૂર પુરાવે દિલની ધડકન' શિર્ષક તળે રજૂ થયો હતો. બીજા દિવસે એવરગ્રીન એવા પ્રફુલ્લ દવે દ્વારા લોકડાયરો પ્રસ્તુત થયો હતો, જેમાં તેમની સંગત તેમનાં સંતાનો હાર્દિક દવે અને ઈશાનીએ કરી હતી. બંને કાર્યક્રમો સંગીતના રસિક સભ્યો માટે મનોરંજક બની રહ્યા હતા.

# ગ્રાન્ડ એજ્યુકેશન ફેરમાં ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કૉલેજ સાજેદાર થઈ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, કેસીજી અને ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે એક ઍજ્યુકેશન ફૅરનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કૉલેજના આચાર્ય ડૉ. કે જી છાયાના માર્ગદર્શન હેઠળ કૉલેજમાં ચાલતી સૈક્ષણિક તેમજ તેને સંલગ્ન પ્રવૃત્તિઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.



ધોરણ-૧૨નાં પરિણામ બાદ તુરંત જ તમામ માહિતી માટે કોઈ વિદ્યાર્થી, વાલીને ભટકવું ન પડે તથા તેમના સમયનો બચાવ થાય તેવા આયોજનને લીધે લાભાર્થીઓની સંખ્યા આ પ્રદર્શનમાં વધુ જોવા મળી હતી. આ સ્ટોલની મુલાકાત વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ દ્વારા પણ લેવામાં આવી હતી અને વિજ્ઞાનના તજ્જ્ઞો પાસેથી જરૂરિયાત મુજબની માહિતી મેળવી હતી. અધ્યાપકોએ સંશોધન માટેની ચર્ચાઓ કરી હતી. આ સ્ટોલની મુલાકાત ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી ડૉ. દિનેશ શર્માએ લીધી હતી અને કૉલેજની પ્રવૃત્તિઓની સરાહના કરી હતી.

આ ઉપરાંત પ્રિ સૅક્રેટરી અંજુ શર્મા, ડૉ. એ યુ પટેલ વગેરે પણ આ સ્ટોલની મુલાકાત લઈ પ્રભાવિત થયા હતા. આચાર્ય ડૉ. છાયાએ સરકારી કૉલેજના વિદ્યાર્થી અન્ય કૉલેજ કરતાં સૌથી ઓછી ફીમાં ગુણવત્તા-વાળું ભણતર મેળવે છે તેવો મત વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે આ કારણસર વિદ્યાર્થીઓએ સરકારી કૉલેજોને અગ્ર પસંદગી આપવી જોઈએ.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કૉલેજના સ્ટાફ પ્રૉ. વિવેક દવે, પ્રા. આર આર પટેલ, પ્રા. ડૉ. ઍમ વાય બારોટ, પ્રા. ડૉ. જિજ્ઞાસા વાઘેલા, પ્રા. ડૉ. ઉમેશ તરપદા, પ્રા. ડૉ. નિરાલી મેવાડાએ ભારે જહેમત ઊઠાવી હતી.

# તેજસ્વી દિવ્યાંગ વિદ્યાર્થીઓનું સન્માન



શ્રી નવજીવન સાર્વજનિક ઍજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગરના આઈઈડીઍસઍસ હેઠળ શિક્ષણ બૉર્ડ દ્વારા લેવામાં આવેલી પરીક્ષામાં સર્વોત્તમ પરિણામ પ્રાપ્ત કરનારા ૧૭ જેટલા દિવ્યાંગ વિદ્યાર્થીઓને ટ્રૉફી આપીને સન્માનિત કરવાનો એક વિશેષ કાર્યક્રમ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ ભવન ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનના સંયુક્ત નિયામક ડી ઍસ પટેલ, એઍસપીડી ઍમ ઍમ જાની, ભરતભાઈ સોલંકી, સંસ્થાના પ્રમુખ એ સી પટેલ અને ટ્રસ્ટી આર કે પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આયોજક સંસ્થા, મહાનુભાવો તેમજ ઉપસ્થિત સૌ દ્વારા તેજસ્વી દિવ્યાંગ વિદ્યાર્થીઓ ઉપરાંત તેમના વાલીઓને પણ પ્રોત્સાહિત કર્યા હતા.



બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા માઉન્ટ આબુ ખાતે 'નૅશનલ કૉન્ફરન્સ ઑફ કલ્ચરલ વિંગ ઍન્ડ રાજયોગ રિટ્રિટ'નું આયોજન કરવામાં આવ્યું છે. શનિવારે આ કૉન્ફરન્સનો ઉદ્દ્ઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝનાં નિર્મલાદીદી, કુસુમદીદી, ફિલ્મ ડિરેક્ટર ઉમેશ શુક્લા, બૉલીવૂડ ઍક્ટર અમિત મિસ્ત્રી, ડિરેક્ટર પ્રેમ રાજ અને તમિલ ઍક્ટર વિજયકુમાર ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે દેશભરનાં રાજ્યોમાંથી આવેલા કલાકારો આ કૉન્ફરન્સમાં ભાગ લઈ રહ્યા છે. ગાંધીનગર શહેરના પાંચ કલાકારો પણ તેમાં સામેલ છે.

# ડિગ્રી એન્જિનિયરીંગ પ્રવેશ માટે પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર

## મેરિટમાં સમવિષ્ટ તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દેવાય તો પણ ૨૬ હજાર જેટલી બેઠકો ખાલી પડે તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૧૮

એડમિશન કમિટી દ્વારા ડિગ્રી એન્જિનિયરીંગમાં પ્રવેશ માટે પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરી દેવાયું છે. જેમાં પ્રથમ ક્રમે રાજકોટનો વિદ્યાર્થી રહ્યો હોવાનું જાણવા મળે છે. મેરિટ લિસ્ટમાં ૪૧૮૪૮ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. જેને જોતા એન્જિનિયરીંગમાં ૨૬ હજાર જેટલી બેઠકો ખાલી પડે તેવી શક્યતા છે. પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર થયા બાદ હવે મોક રાઉન્ડની શરૂઆત થશે અને વિદ્યાર્થીઓ ૨૨ જૂન સુધી ચોઈસ ફિલીંગ કરી શકશે તેમ એડમિશન કમિટીના સુત્રોએ જણાવ્યું હતું. એડમિશન કમિટી દ્વારા એન્જિનિયરીંગ કોલેજોમાં પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન એડમિશન કમિટી દ્વારા શુક્રવારે પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કર્યુ હતું. જેમાં પ્રથમ ક્રમે ૯૯.૯૯ પર્સન્ટાઈલ સાથે રાજકોટનો વિદ્યાર્થી હર્ષ લાદાણી રહ્યો હતો. ચાલુ વર્ષે રાજ્યની ૧૪૧ એન્જિનિયરીંગ કોલેજોની કુલ ૬૮૩૨૩ બેઠકો માટે પ્રવેશની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં રજિસ્ટ્રેશન પ્રક્રિયામાં ૪૨૩૪૭ જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં ૩૫૭૫૩ વિદ્યાર્થીઓ અને ૬૫૯૪ વિદ્યાર્થીનીઓનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર ૪૧૮૪૮ વિદ્યાર્થીઓનો મેરિટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

એડમિશન કમિટી દ્વારા જાહેર કરાયેલા પ્રોવિઝનલ મેરિટ લિસ્ટમાં ગુજરાત બોર્ડના ૩૮૨૦૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જ્યારે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનના ૩૩૩૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આઈએસસીઈના ૨૮૭ વિદ્યાર્થીઓ, એનઆઈઓએસના ૧૯ અને કેમ્બ્રિજના ૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓ પોતાના ગુજકેટના નંબરના આધારે મેરિટ લિસ્ટ જોઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

એડમિશન કમિટી દ્વારા એન્જિનિયરીંગમાં પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરાયા બાદ હવે મોક રાઉન્ડની શરૂઆત કરવામાં આવશે. ૧૭ જૂનથી મોક રાઉન્ડની શરૂઆત થશે અને વિદ્યાર્થીઓએ મોક રાઉન્ડમાં મહત્તમ ચોઈસ ભરવાની સલાહ એડમિશન કમિટી દ્વારા આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ મોક રાઉન્ડ માટે ૨૨ જૂન સુધી ચોઈસ ફિલીંગ કરી શકશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

અત્રે નોંધનીય છે કે, એન્જિનિયરીંગમાં કુલ ૬૮ હજાર કરતા વધુ બેઠકો સામે પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૪૨ હજાર જેટલા વિદ્યાર્થીઓનો મેરિટ લિસ્ટમાં સમાવેશ કરાયો છે. જેથી મેરિટમાં સમવિષ્ટ તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દેવાય તો પણ ૨૬ હજાર જેટલી બેઠકો ખાલી પડે તેવી શક્યતા છે. જોકે, આગળ જતાં આ આંકડો વધી પણ શકે તેમ છે.

# ધોરણ-૫ અને ૮માં નાપાસ થનારની પુનઃ પરીક્ષા લેવાશે

ગાંધીનગર, તા. ૧૮

આગામી પાંચ વર્ષમાં દેશની તમામ સરકારી શાળાઓની તાસીર બદલાઈ જશે એવો દાવો કરીને કેન્દ્રીય માનસવંસાધન મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે લોકો પોતાનાં બાળકોને સરકારી શાળામાં મોકલે તેવી સ્થિતિનું નિર્માણ થશે.ગુજરાતની મુલાકાતે આવેલા જાવડેકરે આણંદ જિલ્લામાં ચાંગા સ્થિત ચારૂસેટ યુનિવર્સિટીની મુલાકાત વખતે પત્રકાર પરિષદને સંબોધતાં કહ્યું હતું કે હવે ધો.૫ અને ૮માં નાપાસ થનાર વિદ્યાર્થીઓની બે મહિનામાં ફરી પરીક્ષા લેવાશે. માર્ચમાં વાર્ષિક પરીક્ષા બાદ મે મહિનામાં પણ પરીક્ષામાં સારો દેખાવ ના કરી શકતાં વિદ્યાર્થીઓને રાજય સરકાર ડીટેઈન પણ કરી શકશે. 'સૌને શિક્ષા સારી શિક્ષા' હેઠળ કેન્દ્ર સરકાર આગામી સમયમાં નવી શિક્ષણ નીતિ અમલમાં મુકવા જઈ રહી છે. જેમાં શિક્ષકો, વિદ્યાર્થી અને વાલીઓની જવાબદારી નક્કી થશે. જેનો ચાર્ટ પણ શાળાઓમાં મુકવામાં આવશે. નવી શિક્ષણ નીતિ વિશે જાવડેકરે જણાવ્યું હતું કે યુજીસી અને એઆઈસીટીઈમાં પણ બદલાવ આવશે, જેમાં ઈન્સ્પેકટરરાજ ખતમ થશે. જે સારી સંસ્થાઓ છે તેને સ્વાયત્તા વધુ અને નિયમો ઓછા, મધ્યમ સંસ્થાઓ માટે થોડી સ્વાયત્તા અને થોડા નિયમો તેમજ નબળી સંસ્થાઓ માટે સ્વાયત્તા ઓછી અને નિયમો વધુ રહેશે. આમ નબળી શૈક્ષણિક સંસ્થાઓ પર સખ્ત નિયમો લાદવામાં આવશે. જેના માપદંડ નેક અને રાજયકક્ષાએ થતાં મૂલ્યાંકન આધારે નક્કી થશે. આણંદ આવતાં પહેલાં જાવડેકરે મોદી ફેસ્ટનું નડિયાદ ખાતે ઉદઘાટન કર્યું હતું.

# પર્યાવરણ સંતુલનની જવાબદારી નાગરિકોએ ઊઠાવી







'કૉસ્મીક પેનસીઆ' નામે એક નવતર સામાજિક સંસ્થા દ્વારા પોતાના પ્રથમ સમાજોપયોગી કાર્ય સ્વરૂપે વૃક્ષારોપણના ભવ્ય કાર્યક્રમનું અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્થાનિક રહીશો સંકળાતાં આ કાર્યક્રમને અનેરી સફળતા પ્રાપ્ત થઈ હતી.

શ્રીનંદનગર વિભાગ-૨ ખાતે રવિવારે સવારે આયોજિત આ કાર્યક્રમ પ્રસંગે સ્થાનિક નગરસેવક જયેશભાઈ ત્રિવેદી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના ટૂંકા પણ અસરકારક પ્રવચનમાં જણાવ્યું હતું કે 'આપણે ત્યાં વૃક્ષારોપણ કાર્યક્રમો તો ઘણા થાય છે, પરંતુ એ પછી વૃક્ષોની દરકાર નથી લેવાતી, જેના પરિણામે વૃક્ષો ઉછરી નથી શકતાં.' આ વખતે પણ આવું ન થાય એ માટે તેમણે દરેક વૃક્ષની જવાબદારી સોસાયટીના એક વ્યક્તિ ઉપાડી લે એવી અપીલ કરી હતી, જેને સોસાયટીના રહીશો દ્વારા સહર્ષ ઉપાડી લેવામાં આવી હતી. વૃક્ષના આરોપણથી માંડીને તેના ઉછેર અને સંવર્ધનની જવાબદારી સોસાયટીના રહીશો દ્વારા વહન કરવાની ખાતરી અપાઈ હતી. એટલું જ નહીં, આ બાબતનો પરચો આપતાં સોસાયટીના રહીશો દ્વારા તાત્કાલિક છોડ અને જગ્યા પસંદ કરી તેનું આરોપણ પણ કરી દેવામાં આવ્યું હતું. આ પ્રસંગે સોસાયટીના વાઈસ ચૅરમેન, સૅક્રેટરી, જોઈન્ટ સૅક્રેટરી, ખજાનચી, સલાહકાર સમિતિના સભ્યો ઉપરાંત ખૂબ મોટી સંખ્યામાં સોસાયટીના રહીશો ઉપસ્થિત રહ્યા હતા. વૃક્ષારોપણ કાર્યક્રમ દરમિયાન બાળકોનો ઉત્સાહ દાદ માગી લે તેવો હતો. એમનો ઉત્સાહ જોઈને




મોટેરાંઓને આવતીકાલનું વાતાવરણ સુરક્ષિત છે એવી ખાતરી થઈ હતી.

રૉયલ ઍનફિલ્ડ મોટરસાઈકલ ધરાવતા નાગરિકોનું એક ગ્રૂપ અમદાવાદમાં ચાલે છે, અમદાવાદ બાઈકર્સ ક્લબ નામે, જેની ત્રીજી વર્ષગાંઠ પણ જોગાનુજોગ રવિવારે જ હતી. વૃક્ષારોપણ કાર્યક્રમને સમર્થન આપવા માટે આ બાઈકર્સ ક્લબને સોસાયટી ખાતે આમંત્રણ આપવામાં આવ્યું હતું. સ્ટેજ કાર્યક્રમ અને અતિથિઓ દ્વારા વૃક્ષારોપણ સંપન્ન થયું કે તરત જ કતારબંધ આવેલી પચીસેક મોટરસાઈકલના અવાજથી વાતાવરણ ભરાઈ ગયું હતું. ઉપસ્થિત લોકોમાં અચાનક જ ઉત્સાહનો સંચાર થઈ ગયો હતો અને સૌ સમારોહ સ્થળ છોડી આ બાઈકર્સને જોવા દોડી ગયા હતા. બાઈકર્સે સમારોહ સ્થળે આવી વૃક્ષારોપણ કાર્યક્રમનું સમર્થન કર્યું હતું અને આયોજક સંસ્થાના બૅનર સાથે યાદગાર તસવીર પણ ક્લિક કરાવી હતી. આમ, આ બાઈકર્સના આવવાથી કાર્યક્રમ આયોજકો, સોસાયટી માટે યાદગાર ને ઉત્સાહપ્રેરક બની ગયો હતો.

એ પછી સ્થાનિક રહીશો, બાળકોએ ઉત્સાહપૂર્વક જે વૃક્ષારોપણ કર્યું એની સાક્ષી આ તસવીરો છે. સૌએ જાણે રવિવારની પ્રવૃત્તિ તરીકે જ વૃક્ષારોપણ અપનાવી લીધું હોય તેમ દિલથી વૃક્ષારોપણમાં રસ અને ભાગ લીધો હતો. આ કારણે આલ્ફ્રેડ રૉકડ્રીક્સ, મનિષ પારેખ, સુજલ શાહ, પરેશકુમાર પારેખ અને વિપુલ પ્રજાપતિ (ગાંધીનગર) દ્વારા આરંભ કરવામાં આવેલી સંસ્થા 'કૉસ્મિક પેનસીઆ'નો આ પહેલો કાર્યક્રમ યાદગાર અને અસરકારક બની રહ્યો હતો.

**ડાયરેક્ટ ❤ સે**

ન રાગ
ન દ્વેષ
ન મોટાઈ
ન આડંબર
એક માણસ
એક વૃક્ષ બને
તો કેવું સારું

**જન્મદિને વધામણી**



આર સી રાવલ
રજિસ્ટ્રાર, સરકારી વાણિજ્ય કોલેજ, ગાંધીનગર



ફાલ્ગુની સંદીપ જગતાપ
મો. ૯૮૭૯૮ ૦૭૩૧૧



નિવાર સલીલ યાદવ
મો. ૯૪૨૯૨ ૦૧૨૦૧



તીર્થ સંજયભાઈ ચુડાસમા
મો. ૯૮૯૮૦ ૭૦૬૬૫



વિરાજ વિનોદભાઈ મેણાત

# મારી રાખમાંથી જ બેઠા થવાની શક્તિ મને મારાં પ્રિય પુસ્તકોમાંથી મળે છે

**સંવેદના – મારું પ્રિય પુસ્તક**

સંવેદના અને અદ્ભૂત અનુભૂતિની તરસ તો પ્રિય પુસ્તકના સ્મરણથી જ છિપાવી શકાય છે. પ્રિય પુસ્તક તો સુખમાંય યાદ આવે અને દુખમાં તો ખાસ યાદ આવે.

સૅક્ટર-૨૧માં આવેલા જિલ્લા સરકારી ગ્રંથાલય સાથે મારાં નાનાં બહેન વીણાબેનની સાથે પુસ્તકો લેવા-આપવાની દોસ્તી થઈ ગઈ. અમે બંને ગ્રંથાલયનાં સભ્ય બની ગયાં. ત્યાં જ 'કૃષ્ણાવતાર'ના સાત ભાગ અમે સાથે-સાથે વાંચ્યા. ખૂબ મજા આવી. ગુજરાતી સાહિત્યને અસ્મિતાને ઉજાગર કરનાર પ્રખર સાહિત્યકાર કનૈયાલાલ મુન્શીનાં પુસ્તકોમાં મને આ પુસ્તક ખૂબ જ ગમ્યું. એ મારું પ્રિય પુસ્તક. એ પછી 'મળેલા જીવ' નવલકથા (પન્નાલાલ પટેલ) સાથે મેળાપ થયો. મેળામાંથી શરૂ થયેલી ને અંતે ખોળામાં પૂર્ણ થયેલી અતિ સંવેદન શિલ કૃતિ મેં વારંવાર વાંચી છે. જીવી અને કાનજીનાં પાત્રો ગુજરાતી સાહિત્યમાં અમરતાને વર્યા છે. મને તો હજી ય ઘણીવાર એમ લાગ્યા કરે છે કે કાશ ! ક્યાંક વાટે-ઘાટે કાનજી મળી જાય તો... બંગાળી લેખિકા મૈત્રેયીદેવીનું પુસ્તક 'ન હુન્યતે' પણ મારા મનને સ્પર્શ્યું છે. 'પ્રીતવછોયા' હૈયાની છૂપી વેદના અને અસહ્ય દર્દથી પુસ્તકનાં પાનેપાનામાંથી જાણે લોહીનાં ટીપાં ચમકે છે. વાચકેય મનોમન અમૃતની જેમ 'મીર્ચા, મીર્ચા...'નું સ્મરણ કર્યા કરે છે. મને આ પુસ્તક ખૂબ ગમ્યું છે એ હું સ્વીકારું છું. પ્રિય પુસ્તક વિશે લખવા બેઠી છું અને શરદબાબુની ખ્યાત નવલકથા 'દેવદાસ'ને યાદ ન કરું તો હું મને જ અન્યાય કરી બેસું. દેવદાસ મેં દસેકવાર તો વાંચી જ હશે. એનો હૃદયવિદારક અંત, દેવદાસનું અત્યંત ખરાબ પરિસ્થિતિ વચ્ચે થયેલું મોત અને તેય પારોના ગામમાં જ ! મન દુખી-દુખી થઈ ગયું હતું. જ્યારે જ્યારે મને જીવતરમાં તકલીફ પડી છે, દુખ પહોંચ્યું છે, વેદનાથી હૈયું ત્રસ્ત થઈ ગયું છે ત્યારે ત્યારે દેવદાસની યાદ આવે છે. મને હિંમત કેળવવાની તક મળી જાય છે. હું જાણે ફિનીક્સ પંખી હોઉં એમ મારી રાખમાંથી જ બેઠા થવાની શક્તિ મને મારાં પ્રિય પુસ્તકોમાંથી મળે છે.

- ચંદ્રાબેન શ્રીમાળી
સૅક્ટર-૩ એ